 **સમરી નં.૭૬૮/૨૦૨૧**

**આંક–૦૧ લગત હુકમ**

– હાલનાં કામે ફરીયાદીશ્રી ધ્વારા " આઈ " ટ્રાફિક પોલીસ સ્ટેશનમાં ગુ.ર.નં.૧૧૯/૨૦૧૯ થી ઈ.પી.કોડની કલમઃ૨૭૯, ૩૩૭, ૩૦૪(અ), એમ.વી.એકટઃ૧૭૭, ૧૮૪, ૧૩૪(બી) મુજબની ફરીયાદ દાખલ કરવામાં આવેલ ત્યારબાદ સદર કામે તપાસ કરતા સદર ફરીયાદીએ જે તે વખતે ફરીયાદ હકીકતની ભુલનાં કારણે લખાવેલ હોવાનું જણાતું હોય આ કામે " સી " સમરી મંજુર કરવા આખરી અહેવાલ અત્રેની અદાલત સમક્ષ રજુ કરવામાં આવેલ છે. જે અત્રેની અદાલતમાં આવતા અત્રેની અદાલતે સદરહુ અહેવાલની સમરી રજીસ્ટરે નોંધવામાં આવેલ છે અને ફરીયાદીને નોટીસ કરતા તે બાબતે હાજર રહેવા જણાવતા ફરીયાદી અત્રેની અદાલતમાં તેઓએ તેમની લેખિત પુરસીસથી આ " સી " સમરી મંજુર કરવામાં આવે તો તેઓને કોઈ વાંધો નથી તેવું આ અદાલત રૂબરુ લેખિત પુરસીસથી જાહેર કરેલ છે. જેથી હાલનાં કામે આ ફરીયાદ ફરીયાદીની ભુલની હકીકતનાં આધારે દાખલ થયેલ હોવાનું જણાઈ આવતું હોય તપાસ કરનાર અમલદારશ્રી ધ્વારા માંગવામાં આવેલ " સી " સમરી મંજુર કરવામાં આવે છે.

– તે મુજબની હાલની " સી " સમરી રીપોર્ટ મંજુર કરવામાં આવેલ છે.

હુકમ આજ રોજ તા.૧૧/૦૯/૨૦૨૧ નાં રોજ સ્પેશ્યલ સીટીંગમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા.૧૧/૦૯/૨૦૨૧
સ્થળઃઅમદાવાદ

(બરકતખાન એચ. ઘાસુરા)
એડીશનલ ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ,
કોર્ટ નં.૧૧, અમદાવાદ
જજ કોડ નં.૦૦૯૮૩

**એલ.એ.વાઘેલા(પી.એ.)**